




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રી : પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-40 ■ તા. 02-10-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### પીએફઆઈ પર પ્રતિબંધ

# સરકારના પીએફઆઈ પર પ્રતિબંધના નિર્ણયનો મુસ્લિમ દેશોની મીડિયાએ વિરોધ કર્યો

## પીએફઆઈના એન્ટી નેશનલ હોવાનો અર્થ ફકત એટલો છે કે તે ભાજપ અને નરેન્દ્ર મોદી સરકારની વિવાદિત નીતિઓની વિરૂધ્ધ પ્રદર્શન કરે છે.



નવીદિલ્હી,તા.૧

નરેન્દ્ર મોદી સરકારે પીએફઆઈ પર ભારતમાં પ્રતિબંધ લગાવી દીધો છે.કેન્દ્ર સરકારથી અનેક રાજયોએ પીએફઆઈ પર પ્રતિબંધ લગાવવાની માંગ કરી હતી મોદી સરકારે ફકત પીએફઆઈ જ નહીં પરંતુ તેની સાથે જોડાયેલ અન્ય આઠ સાથી સંગઠનો પર પ્રતિબંધ લગાવી દીધો છે.મોદી સરકારના પીએફઆઈ પર પ્રતિબંધ લગાવવાના નિર્ણયની જયાં અનેક રાજયો અને નેતાઓએ આવકાર્યો છે ત્યાં અનેક પાર્ટીઓએ આ નિર્ણયની સંઘથી જોડીને તેનો વિરોધ કર્યો છે. હવે પીએફઆઈ પર પ્રતિબંધને લઈ મુસ્લિમ દેશોની મીડિયાએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે,જેમાં ભાજપ સરકારની વિચારધારા પર પણ નિશાન સાધવામાં આવ્યું છે.

પીએફઆઈ પર પ્રતિબંધ પર પાકિસ્તાનના ધ એકસપ્રેસ ટ્રિબ્યુનલ અખબારે કહ્યું છે કે પીએફઆઈના એન્ટી નેશનલ હોવાનો અર્થ ફકત એટલો છે કે તે ભાજપ અને નરેન્દ્ર મોદી સરકારની વિવાદિત નીતિઓની વિરૂધ્ધ પ્રદર્શન કરે છે. તેણે લખ્યું છે કે જયાં સુધી કે પીએફઆઈ સભ્યોની વિરૂધ્ધ દાખલ મોટાભાગની ચાર્જશીટમાં લોકોને સરકારી નીતિઓની બાબતમાં બતાવી સરકારની વિરૂધ્ધ ઉશ્કેરવા માટે ઈટરનેટનો ખોટો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે.દરમિયાન ન્યુઝ ચેનલ અલ ઝઝીરાએ પીએફઆઈ પર પ્રતિબંધને લઈ ખબરમાં કહ્યું છે કે ભાજપ હંમેશા મુસ્લિમોની સાથે ભેદભાવના દાવાને ફગાવી દે છે જો કે ટીકાકારોનું માનવું છે કે વર્ષ ૨૦૧૯ની લોકસભા ચુંટણીમાં ભાજપને મળેલી જીતે ગૃહમંત્રાલય અને તપાસ એજન્સીઓને શક્તિ આપી છે કે તે કોઈ પણ વ્યક્તિને ફકત આરોપોના આધાર પર આતંકવાદી જાહેર કરી શકે છે. ન્યુઝ ચેનલ તરફથી આગળ કહેવામાં આવ્યું છે કે પીએફઆઈ પર પ્રતિબંધ પણ યુએપીએ કાનુન હેઠળ જ લગાવવામાં આવ્યો છે આ એકટ ભારત સરકારને દેશની સંપ્રભુતા અને અખંડતાની વિરૂધ્ધ કામ કરનારાઓ પર કાર્યવાહી કરવાની ખુબ વધુ શક્તિ આપે છે. ચેનલે લખ્યું છે કે પીએફઆઈ પર પ્રતિબંધ લગાવવો સિમી જેવો છે જેના પર વર્ષ ૨૦૦૧માં ભારત સરકારે પ્રતિબંધ લગાવી દીધો હતો તે સમયે સરકારે યુએપીએ હેઠળ અનેક સભ્યોની ધરપકડ પણ કરી હતી પરંતુ બાદમાં પુરાવાના અભાવમાં કેસમાંથી મુકત થઈ ગયા હતાં.

અલ ઝઝીરાએ પીએફઆઈથી જોડાયેલ થેજસ ન્યુઝ પેપરના સંપાદક રહેલ ચેકુટ્ટીની ટીપ્પણીને પણ પોતાના લેખમાં જગ્યા આપી છે ચેકુટ્ટીએ અલ ઝઝીરાથી વાતચીતમાં આ પ્રતિબંધને કેન્દ્રની મોદી સરકારની રાજનીતિથી પ્રેરિત બતાવી તેમણે કહ્યું કે પીએફઆઈએ કેટલીક ભુલો કતરી છે કેટલાક પીએફઆઈ સભ્યો કેરલના પ્રોફેસરનો હાથ કાપવામાં પણ સામેલ હતાં આ ઉપરાંત પણ અનેક એવા મુદ્દા જેમાં તે હિંસક મામલામાં સામેલ રહ્યા હોય પરંતુ તે તમામ એકકલ દોકલ મામલા હતાં. જયારે પાકિસ્તાનના જાણીતા અખબાર ડોને પીએફઆઈ પર પ્રતિબંધ પર કહ્યું કે ભારતની ૧૪૦ ટકાની વસ્તીમાં ૧૩ ટકા મુસલમાન છે જેમાં મોટાભાગના નરેન્દ્ર મોદી સરકારમાં ધર્મના નામ પર ઉપેક્ષાની ફરિયાદ કરે છે.આ ઉપરાંત અરબ ન્યુઝે પીએફઆઈ પર પ્રતિબંધને લઈ કહ્યું કે પીએફઆઈ પર પ્રતિબંધ લગાવવા માટે અનેક કટ્ટર હિન્દુ સમૂહ ખુબ સમયથી માંગ કરી રહ્યાં છે. ભારતમાં ગત કેટલાક સમયમાં કેટલાક મુસ્લિમોના નેતૃત્વવાળા પ્રદર્શનોની વચ્ચે પીએફઆઈ જેવી સંસ્થા પર પ્રતિબંધની માંગ વધુ વધી ગઈ તાજેતરમાં પીએફઆઈ પર કર્ણાટક રાજયમાં મુસ્લિમ યુવતીઓના હિજાબ પર પ્રતિબંધને લઈ રેલીઓ દ્વારા હિંસા કરાવવાનો આરોપ લગાવવામાં આવ્યો અરબ ન્યુઝે ખબરમાં આગળ કહ્યું છે કે મોદી સરકાર પર વર્ષ ૨૦૧૪માં સત્તામાં આવ્યા બાદથી જ મુસ્લિમોની સાથે ભેદભાવ કરવાની નીતિઓ લાવવાનો આરોપ લગતો રહ્યો છે.પીએફઆઈ સંગઠન પર પ્રતિબંધ લગાવ્યા બાદ હલચલ મચી ગઈ છે.ટેરર ફંડિગ જેવી સંગીન આરોપ સહન કરી રહેલ આ સંગઠન ભારતના ૧૫ રાજયોમાં સક્રિય હોવાનું જણાવાય છે જેમાં દિલ્હી પરિયાણા યુપી બિહાર ઝારખંડ વેસ્ટ બંગાળ આસામ રાજસ્થાન મધ્યપ્રદેશ આંધ્રપ્રદેશ તમિલનાડુ તેલંગણા કેરલ સામેલ છે.

# પ્રમુખ પદના ઉમેદવાર રાજયસભામાં વિપક્ષના નેતા તરીકે મલ્લિકાર્જુન ખડગેનું રાજીનામું

## કોંગ્રેસમાં એક વ્યક્તિ એક પદનો સિદ્ધાંત લાગુ કરવામાં આવ્યો છે. તે અંતર્ગત ખડગેએ રાજીનામું આપ્યું છે.

નવીદિલ્હી,તા.૧

કોંગ્રેસના અધ્યક્ષ પદના ઉમેદવાર મલ્લિકાર્જુન ખડગેએ રાજયસભાના વિપક્ષના નેતા તરીકે રાજીનામું આપ્યું છે. મલ્લિકાર્જુન ખડગેએ સોનિયા ગાંધીને રાજીનામુ સોંપ્યુ છે. કહેવામાં આવી રહ્યુ છે કે, કોંગ્રેસમાં એક વ્યક્તિ એક પદનો સિદ્ધાંત લાગુ કરવામાં આવ્યો છે. તે અંતર્ગત ખડગેએ રાજીનામું આપ્યું છે. ખડગે કોંગ્રેસના અધ્યક્ષ પદની ચૂંટણીમાં સૌથી પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. તેમનો સીધો મુકાબલો શશિ થરૂર સાથે થશે.

ઉલ્લેખનીય છે કે, શુક્રવારે ઉમેદવારી પત્ર ભરવાનો છેલ્લો દિવસ હતો અને ઉમેદવારી પત્રની તપાસ કરી નામ પાછું ખેંચવાની છેલ્લી તારીખ આઠ ઓક્ટોબર છે. જો ખડગે ચૂંટણી જીતે છે, તો તેઓ અખિલ ભારતીય કોંગ્રેસ કમિટિ (એઆઈસીસી)ના અધ્યક્ષ બનનારા એસ. નિજાલિંગપ્પા પછી કર્ણાટકના બીજા નેતા હશે. તેઓ જીત્યા પછી જગજીવન રામ પછી આ પદ પર બેસનારા બીજા દલિત નેતા હશે. ખડગે ૫૦ વર્ષ કરતાં વધુ સમયથી રાજકારણમાં એક્ટિવ છે.

હકીકતમાં કોંગ્રેસ અધ્યક્ષ પદની રેસમાં મલ્લિકાર્જુન ખડગે અને શશિ થરૂર સિવાય કે.એન. ત્રિપાઠી પણ છે. ત્રણેય નેતાઓએ શુક્રવારે ઉમેદવારી પત્ર ભર્યુ હતુ અને કર્ણાટક સાથે જોડાયેલા વરિષ્ઠ નેતા ખડગે સ્પષ્ટરૂપે સૌથી વધુ લાયક ઉમેદવાર તરીકે ઉભરી આવ્યાં છે. મહત્ત્વનું છે કે, મેદાનમાં ઉતરેલા ત્રીજા ઉમેદવાર કે.એન. ત્રિપાઠી ઝારખંડના પૂર્વ મંત્રી છે.

૮૦ વર્ષીય મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસના મુખ્યનેતાઓ સાથે ઉમેદવારી પત્રના ૧૪ સેટ જમા કર્યા હતા. આ સાથે જ તેમના પ્રસ્તાવકોમાં અશોક ગેહલોત, દિગ્વિજય સિંહ, એ.તે. એન્ટની, અંબિકા સોની, મુકુલ વાસનિક સામેલ છે. આ સિવાય તેમના પ્રસ્તાવકોમાં આનંદ શર્મા, પૃથ્વીરાજ ચવ્હાણ, મનીષ તિવારી અને ભૂપેન્દ્ર હુડ્ડા જેવા નેતા પણ છે જે પાર્ટીમાં બદલાવની માગ ઉઠાવનારા સમૂહ જી-૨૩ સાથે સંકળાયેલા છે.

શશિ થરૂર પોતે જી-૨૩માં સામેલ છે. તેમણે ઉમેદવારી પત્ર સાથે પાંચ સેટ જમા કરાવ્યા હતા. ત્યાં ઝારખંડના પૂર્વ મંત્રી ત્રિપાઠીના કોંગ્રેસના કેન્દ્રીય ચૂંટણી પ્રાધિકરણના અધ્યક્ષ મધુસૂદન મિસ્ત્રી સામે ઉમેદવારી પત્રનો એક સેટ જમા કરાવ્યો હતો. કોંગ્રેસ અધ્યક્ષ પદની રેસમાં ખડગે સૌથી વધુ પસંદગી પામનારા ઉમેદવાર માનવામાં આવી રહ્યા છે અને ત્યાં ઈઆઈસીસી મુખ્યાલયમાં તેમનું ઉમેદવારી પત્ર ભરતી વખતે પાર્ટીના અનેક નેતા સાથે હતા.

કોંગ્રેસના અધ્યક્ષ પદની ચૂંટણી માટે જાહેર કરેલા કાર્યક્રમ પ્રમાણે, અધિસૂચના ૨૨ સપ્ટેમ્બરે જાહેર કરવામાં આવી હતી અને ઉમેદવારી પત્ર ભરવાની પ્રકિયા ૨૪ સપ્ટેમ્બરથી ચાલુ કરવામાં આવી હતી, તે ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલી હતી. ઉમેદવાર પત્ર પાછું ખેંચવાની અંતિમ તારીખ ૮ ઓક્ટોબર છે. એકથી વધુ ઉમેદવાર હોવાથી આગામી ૧૭ ઓક્ટોબરે મતદાન તશે અને ૧૯ ઓક્ટોબરે પરિણામ જાહેર કરવામાં આવશે.

# ભારતમાં પાકિસ્તાન સરકારનું ટ્વિટર એકાઉન્ટ બંધ કરી દેવામાં આવ્યું

## ભારતમાં દેશ વિરોધી ગતિવિધિઓ રોકવાની દિશામાં કેન્દ્ર સરકારે આ પગલું લીધુ છે.

નવીદિલ્હી,તા.૧

ભારતમાં પાકિસ્તાન સરકારનું ટ્વિટર એકાઉન્ટ બંધ કરી દેવામાં આવ્યું છે. એટલે કે હવે ભારતના ટ્વિટર યૂઝર્સ માટે આ ટ્વિટર એકાઉન્ટ બ્લોક છે. ટ્વિટર તરફથી જણાવવામાં આવ્યું છે કે એક લીગલ ફરિયાદ મળ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. એવું કહેવાઈ રહ્યું છે કે ભારતમાં દેશ વિરોધી ગતિવિધિઓ રોકવાની દિશામાં કેન્દ્ર સરકારે આ પગલું લીધુ છે.

જો કે ભારત સરકાર તરફથી હજુ સુધી પાકિસ્તાન સરકારના ટ્વિટર એકાઉન્ટને બેન કરવા અંગે કોઈ નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. આ બધા વચ્ચે પાકિસ્તાન પર થયેલી અત્યાર સુધીની સૌથી મોટી ડિજિટલ સ્ટ્રાઈક અંગે અનેક પ્રકારની અટકળો લાગી રહી છે. કહેવાય છે કે હાલમાં જ એક કટ્ટર ઈસ્લામિક સંગઠન પર કરાયેલી કાર્યવાહી બાદ કેન્દ્ર સરકારે આ પગલું લીધુ છે. પાકિસ્તાન સરકારનું અધિકૃત ટ્વિટર એકાઉન્ટ કેમ બેન કરાયું તેના પર અધિકૃત નિવેદનની વાટ જોવાઈ રહી છે.

નોંધનીય છે કે પાકિસ્તાન લાંબા સમયથી સોશિયલ મીડિયા મંચો દ્વારા ભારત વિરોધી પ્રોપગેન્ડા ફેલાવતું રહ્યું છે. આવામાં સમયાંતરે ભારત વિરુદ્ધ નફરતભર્યા અને પાયાવિહોણા આરોપ લગાવનારા પર સરકાર તરફથી કાર્યવાહી કરવામાં આવે છે. અત્રે જણાવવાનું કે હાલમાં પીએફઆઈ પર પાંચ વર્ષના પ્રતિબંધના વિરોધમાં પાકિસ્તાન સરકાર તરફથી ટ્વીટ કરાઈ હતી. સોશિયલ મીડિયા પર પાકિસ્તાનના કેનેડામાં સ્થિત દૂતાવાસે આ કાર્યવાહી પર ભારતનો વિરોધ કર્યો અને પીએફઆઈના સમર્થનમાં વાત કરી હતી. એવું કહેવાય છે કે કદાચ આ કારણસર ભારતમાં પાકિસ્તાન સરકારનું અધિકૃત ટ્વિટર એકાઉન્ટ બેન થયું હોઈ શકે.

વાત જાણે એમ છે કે સોશિયલ મીડિયા પર પાકિસ્તાનના કેનેડા સ્થિત દૂતાવાસની એક ટ્વીટનો સ્ક્રીનશોટ, જે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના સમર્થનમાં હતી, ખુબ વાયરલ થઈ હતી. રિપોર્ટ મુજબ પાકિસ્તાન મહાવાણિજય દૂતાવાસ વાનકુવરના અધિકૃત હેન્ડલે પ્રતિબંધિત પીએફઆઈના સમર્થનમાં ટ્વીટ કરી હતી. એટલું જ નહીં આ આપત્તિજનક ટ્વીટની સાથે તેમાં પાકિસ્તાન વિદેશ મંત્રાલય અને પાક સરકારને ટેગ કરાયું હતું. સોશિયલ મીડિયા પર આ ટ્વીટ વિરુદ્ધ લોકોએ ખુબ ગુસ્સો કાઢ્યો હતો. આ પોસ્ટ ખુબ વાયરલ થઈ હતી.

# દિલ્હીમાં ૨૫ ઓક્ટોબરથી પીયુસી નહીં હોય તો પેટ્રોલ-ડીઝલ મળશે નહીં




નવીદિલ્હી,તા.૧

દિલ્હીમાં પ્રદુષણ પ્રમાણપત્ર વગર પેટ્રોલ પંપો પર વાહનોમાં પેટ્રોલ-ડીઝલ ભરાવી શકશો નહીં. એ પહેલા આ પ્રમાણપત્ર બતાવવું પડશે. દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે શનિવારે કહ્યુ કે વાહનોથી થતા પ્રદુષણ પર અંકુશ લગાવવા માટે આપની સરકારે નિર્ણય કર્યો છે કે ૨૫ ઓકટોબરે રાજધાનીના પેટ્રોલ પંપો પર પીયુસી વગર પેટ્રોલ-ડીઝલ મળી શકશે નહીં.

ગોપાલ રાયે કહ્યું કે, આ બાબતે ટુંક સમયમાં નોટિફિકેશન બહાર પાડવામાં આવશે. દિલ્હીમાં વધી રહે પ્રદુષણ માટે વાહનોનું ઉત્સર્જન મુખ્ય યોગદાનકર્તાઓમાનું એક છે. પર્યાવરણ મંત્રીએ એક સંવાદદાતા સંમેલનમાં કહ્યુ કે, પ્રદુષણને ઘટાડવું અનિવાર્ય છે. એટલા માટે આ નિર્ણય લેવો જરૂરી હતો. મંત્રીએ કહ્યું કે, એક સંયુક્ત બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

દિલ્હીમાં વાહનોનું પ્રદૂષણ એક મોટું પરિબળ છે પીયુસી ચેકિંગ માટે મોટી ટીમ તૈનાત કરવામાં આવી છે, પરંતુ એક મોટો વર્ગ આ બાબતે બેદરકારી દાખવતો હોવાનો અને પ્રદૂષણ પ્રમાણપત્ર રિન્યુ કરાવતો ન હોવાનો અહેવાલ સામે આવ્યો છે, આવી સ્થિતિમાં વાહનોમાંથી નીકળતો પ્રદૂષિત ધુમાડો દિલ્હીની હવાને પ્રદુષિત કરી રહ્યો છે.

જયારે પ્રદૂષણનું સ્તર વેરી પુઅર કેટેગરીમાં પહોંચે છે ત્યારે સ્થિતિ વધુ ખરાબ થાય છે, તેથી સરકારે ગયા વર્ષે માર્ચમાં આ નિર્ણય પર વિચાર કરવાનું શરૂ કર્યું હતું.

સામાન્ય લોકોના સૂચન માટે દિલ્હી સરકાર દ્વારા માર્ચ ૨૦૨૧માં જાહેર નોટિસ જારી કરવામાં આવી હતી. આ ઉપરાંત અત્યાર સુધી આ નીતિમાં વિવિધ વિભાગોના સૂચનો પણ સામેલ કરવામાં આવ્યા છે. લોકોનું માનવું છે કે તેમના જીવ સાથે રમત કરીને પ્રદૂષણ ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ. આ પછી સરકારે પીયુસી સંબંધિત મહત્વપૂર્ણ પગલાં લેવાનું શરૂ કર્યું.

પેટ્રોલ પંપ એસોસિએશને સૂચન કર્યું હતું કે પીયુસી ન દર્શાવનારાઓને પેટ્રોલ-ડીઝલ આપવાનો ઈક્રાર કરવામાં આવે તો પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લાગી શકે છે અથવા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડી શકે છે. આ સૂચન પર, ૨૯ સપ્ટેમ્બરે, પર્યાવરણ વિભાગે તમામ વિભાગોને દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિ , પરિવહન વિભાગ, ખાદ્ય વિભાગ અને ટ્રાફિક પોલીસના અધિકારીઓ સાથે મળીને ઉકેલ લાવવાનો નિર્દેશ આપ્યો છે. ગોપાલ રાયે વાતચીતમાં જણાવ્યું હતું કે એક સપ્તાહની અંદર તમામ વિભાગો આ યોજના સોંપશે. આ પછી, દિલ્હી સરકાર એક નોટિફિકેશન બહાર પાડશે અને ૨૫ ઓકટોબરથી, ``પીયુસી સર્ટિફિકેટ વિનાના ડ્રાઈવરોને પેટ્રોલ પંપ પર પેટ્રોલ કે ડીઝલ નહીં મળે.

# એમપીના ગરબા પંડાલમાં બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધના પોસ્ટરો લાગ્યા

ભોપાલ,તા.,૧

મધ્યપ્રદેશ સરકારના ગરબા પંડાલમાં મુલાકાતીઓના આઈડી કાર્ડ ચેક કરવાના આદેશ બાદ, મધ્ય પ્રદેશમાં ગરબા આયોજકોએ બિન-હિંદુઓને ડાન્સ પંડાલમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો છે. સોમવારથી શરૂ થયેલા નવરાત્રી મહોત્સવ દરમિયાન રાજયભરમાં નવ દિવસ સુધી ગરબા નૃત્યનું આયોજન કરવામાં આવ્યું છે. ઉજ્જૈનના નાનખેડામાં ગરબાનું આયોજન કરતા પંડાલે બિન-હિંદુઓને પ્રવેશ પર પ્રતિબંધ મૂકતા પોસ્ટરો લગાવ્યા છે. પોસ્ટરમાં લખવામાં આવ્યું હતું કે, ×આ વિસ્તારમાં બિન-હિંદુઓનો પ્રવેશ પ્રતિબંધિત છે.× નાનખેડા ગરબા પંડાલના પ્રમુખ બહાદુર સિંહ રાઠોડે જણાવ્યું હતું કે, ×બિન-હિંદુઓ પંડાલમાં આવીને અરાજકતા ફેલાવે છે, જેથી તેઓને અટકાવી શકાય. સલામત વાતાવરણ, અમે પંડાલમાં બિન-હિન્દુઓને મંજૂરી આપી છે. પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.×

તેવી જ રીતે, નર્મદાપુરમ જિલ્લામાં શ્રી સમર્પણ વેલ્ફેર સોસાયટીએ તેના પંડાલમાં મુલાકાતીઓ માટે ડ્રેસ કોડ નક્કી કર્યો છે અને પંડાલમાં આવનાર મુલાકાતીઓની કડક આઈડી ચેક કરવાનો નિર્ણય લીધો છે. ગરબાનું આયોજન કરનાર સ્વદેશ સૈનીએ કહ્યું કે તેણે ફરજિયાતપણે ભારતીય વસ્ત્રો બનાવ્યા છે અને માત્ર ધાર્મિક લોકોને જ પંડાલમાં પ્રવેશ આપવામાં આવશે.

નરોત્તમ મિશ્રાએ આપ્યો હતો આઈડી ચેક કરવાનો આદેશ મંગળવારે ગૃહ રાજ્ય મંત્રી નરોત્તમ મિશ્રાએ ગરબા આયોજકોને પંડાલમાં આવતા લોકોના આઈડીની કડક તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. નરોત્તમ મિશ્રાએ પત્રકારોને જણાવ્યું હતું કે, ×નવરાત્રી એ મા દુર્ગાની આરાધના કરતો તહેવાર છે અને તે આપણી આસ્થાનું કેન્દ્ર છે, આવા પવિત્ર પ્રસંગોએ શાંતિ અને સૌહાર્દ જાળવવા માટે, આયોજકોએ આઈડી ચેક કર્યા પછી જ ગરબા પંડાલમાં પ્રવેશવાની મંજૂરી આપવી જોઈએ. સૂચનાઓ. પ્રવેશની પરવાનગી આપવા માટે આપવામાં આવી છે.×

ઉષા ઠાકુરે પણ નિવેદન આપ્યું હતું તાજેતરમાં જ રાજ્યના સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ઉષા ઠાકુરે કહ્યું હતું કે 'લવ જેહાદ'ને રોકવા માટે ગરબા પંડાલમાં આઈડી ચેક કર્યા પછી જ પ્રવેશ આપવામાં આવે. તેમણે કહ્યું હતું કે ગરબા આયોજકોએ સતર્ક રહેવું પડશે, ગરબા કાર્યક્રમમાં આવનારાઓના આઈડી કાર્ડ ચેક કરવા પડશે. આઈડી કાર્ડ વગર કોઈને અંદર જવા દેવામાં ન આવે, ગરબા હવે 'લવ જેહાદ'નું માધ્યમ બની ગયું છે.

# આરએસએસના પાંચ નેતા પીએફઆઈની હિટ લિસ્ટમાં હોવાથી વાય કેટેગરીની સુરક્ષા અપાઈ

નવીદિલ્હી,તા.૧

પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા ``(પીએફઆઈ)થી કેરળના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના નેતાઓને જીવનું જોખમ છે. નેશનલ ઈનવેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ના રિપોર્ટમાં આ ખુલાસો થયો છે. રિપોર્ટ મુજબ, એનઆઈએએ તેની જાણકારી કેન્દ્રીય ગૃહ મંત્રાલયને આપી છે.

જાણકારી બાદ કેન્દ્ર સરકારે આરએસએસના ૫ નેતાઓની સુરક્ષા વધારી દીધી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે એનઆઈએ અને આઈબીના રિપોર્ટના આધાર પર કેરળમાં આરએસએસ ૫ નેતાઓને વાય કેટેગરીની સુરક્ષા આપી છે.

તેમની સુરક્ષામાં હવે પેરામિલિટ્રી ફોર્સના કમાન્ડો તૈનાત હશે. કેરળમાં આરએસએસના નેતા ``પીએફઆઈના નિશાના પર છે. કેન્દ્રીય તપાસ એજન્સીએ એવો રિપોર્ટ કેન્દ્રીય ગૃહ મંત્રાલયને આપ્યો હતો. ૨૨ સપ્ટેમ્બરના રોજ પીએફઆઈના સભ્ય મોહમ્મદ બશીરના ઘર પર રેડ દરમિયાન એનઆઈએને આરએસએસના નેતાઓની લિસ્ટ મળી હતી, જેમાં આરએસએસના ૫ નેતાઓને જીવથી મારવાનો ઉલ્લેખ હતો. જેના કારણે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૫ નેતાઓને રૂ કેટેગરીની સુરક્ષા આપી છે .સિક્યોરિટીની યલો બુકના જણાવ્યા મુજબ, કેન્દ્રીય ગૃહ મંત્રાલયની વાય કેટેગરીની સુરક્ષામાં ૮ સુરક્ષાકર્મી સામેલ હોય છે. તેમાં જે વીઆઈપી ને સુરક્ષા આપવામાં આવે છે, તેમાં ૫ આર્મ્ડ સ્ટેટિક ગાર્ડ તેમના ઘર પર લગાવવામાં આવે છે. સાથે જ ત્રણ શિફ્ટમાં ૩ પીએસઓ સુરક્ષા પ્રદાન કરે છે.

ગત ૨૮ સપ્ટેમ્બરના રોજ કેન્દ્ર સરકારે પીએફઆઈ અને તેના ૮ સહયોગી સંગઠનોને ૫ વર્ષ માટે પ્રતિબંધિત કરી દીધા. સરકારે આ પગલું પીએફઆઈની ઓફિસો પર એનઆઈએ સહિત તમામ તપાસ એજન્સીઓની જબરદસ્ત છાપેમારી બાદ ઉઠાવ્યું હતું.

જન ફરિયાદ




# તંત્રી લેખ

## મહિલાઓનો અધિકાર

*સુપ્રીમ કોર્ટે પોતાના શરીર પર મહિલાઓના અધિકારને ફરી એક વખત પુષ્ટ કર્યો, તો તે સ્વાગતયોગ્ય છે. ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી પીઠે સ્પષ્ટ ચુકાદો આપ્યો કે કોઈપણ મહિલા, વિવાહિત કે અવિવાહિત હોય, તેને ૨૪ અઠવાડિયા સુધી કોઈ મંજૂરી વિના ગર્ભપાત કરાવવાનો અધિકાર છે. તેની સાથે જ અદાલતે એ પણ સ્પષ્ટ કર્યું કે કોઈ વિવાહિત મહિલાને જબરદસ્તી ગર્ભવતી કરવી ‘મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ’ અંતર્ગત બળાત્કાર માની શકાય છે. ગુરુવારે આવેલ આ ચુકાદાથી મહિલા સશક્તીકરણને બહુ બળ મળશે. મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ અંતર્ગત ગર્ભપાતના નિયમ સ્પષ્ટ રૂપે વર્ણિત છે, એને જ અનુરૂપ સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો છે. એ દુઃખદ તથ્ય છે કે દેશમાં હજુ પણ મહિલાઓ સાથે જોડાયેલા મોટાભાગના નિર્ણયો પુરુષ જ કરે છે. મહિલાઓને પોતાના શરીર સાથે જોડાયેલા મુદ્દાઓ પર પણ પુરુષોની મંજૂરી લેવી પડે છે, જ્યારે સર્વોચ્ચ ન્યાયાલય પહેલાં જ મહિલાઓના આ અધિકાર પર પ્રકાશ પાડી ચૂક્યું છે.*

*ધ્યાન રહે કે આ અધિકાર સુધી પહોંચવામાં મહિલાઓને લાંબો સમય લાગ્યો છે. પોતાના આ અધિકાર પ્રત્યે તમામ મહિલાઓએ જાગૃત રહેવું જોઈએ. પુરુષોને પણ ખબર હોવી જોઈએ કે તેમનું અધિકાર ક્ષેત્ર ક્યાં ખતમ થાય છે. આવા ચુકાદાથી પ્રેરણા મળવી જોઈએ અને મહિલાઓ સાથે કોઈપણ પ્રકારની સતામણીનો અંત થવો જોઈએ. ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે એમ પણ કહ્યું કે વિવાહિત મહિલાઓ પણ બળાત્કાર પીડિત હોઈ શકે છે. બળાત્કારનો અર્થ છે, સહમતિ વિના સંબંધ બનાવવો. જો એવું થાય તો વૈવાહિક સંબંધમાં પણ તેને દુષ્કર્મ જ માનવામાં આવશે. મહિલાની સહમતિ સૌથી જરૂરી છે. હાલના નિયમો અનુસાર છૂટાછેડા પામેલ, વિધવા મહિલાઓ ૨૦ સપ્તાહ બાદ ગર્ભપાત નથી કરાવી શકતી, પરંતુ અન્ય તમામ મહિલાઓ માટે ૨૪ સપ્તાહ સુધી ગર્ભપાતની અનુમતિની જોગવાઈ છે. અદાલતનો આ ચુકાદો ૨૫ વર્ષની ગર્ભવતી એકલી યુવતીની અરજી પર આવ્યો છે. આ યુવતીને હાઈકોર્ટમાંથી રાહત નહોતી મળી, પરંતુ સુપ્રીમમાં ન્યાયની સાથે જ નિયમોને નવી વ્યાખ્યા પણ મળી છે. શીર્ષ અદાલતે સ્પષ્ટ કરી દીધું કે કોઈ મહિલાનો આ અધિકાર છીનવવો તેની ગરિમાને કચડવા જેવું કામ છે. ગર્ભપાત અને મહિલાઓના અધિકાર મામલે ભારત સામાન્ય રૂપે દુનિયા કરતાં બહુ આગળ છે. અનેક દેશો હજુ પણ ગર્ભપાતને મંજૂરી નથી આપતા. ગર્ભપાતને મંજૂરી આપનારા દેશોની સંખ્યા ૧૦૦ પણ નથી. કેટલાક દેશો બળાત્કાર, અનાચાર કે ભ્રૂણ અસામાન્યતાની સ્થિતિમાં જ ગર્ભપાતને મંજૂરી આપે છે. અમેરિકામાં પણ ગર્ભપાતના અધિકારને લઈને વિવાદ ચાલતો રહે છે અને ત્યાં રાજ્યોના કાયદા અલગ-અલગ છે. આ મોરચે ભારતના કાયદા ઘણા સબળ છે, પરંતુ અહીં સમાજમાં લોકોની માનસિકતા બદલવામાં સમય લાગશે. મહિલાઓની સુરક્ષાનો દારો વધવો જોઈએ અને એ ત્યારે જ વધશે, જ્યારે તેમને વાસ્તવિક રૂપે અધિકાર આપવામાં આવશે.*

# આન્યા મૃણાલ- પ્રકરણ ૧૧ /વિજય શાહ




મૃણાલ શેઠ, કૈરવ શેઠ અને તેમણે યોજેલાં આ પ્રદર્શનનાં સમાચારો બીજા દિવસે ટીવી, રેડિયો અને અખબારની હેડ લાઇન હતા. ફોનની ઘંટડીઓ વાગતી હતી અને અભિનંદનોની વર્ષા ચોતરફથી થઈ રહી હતી તે સાંજે કૈરવનાં મમ્મી માધવીબહેન કૈરવને શીખામણ આપી રહ્યા હતા કે હવે સમય આવી ગયો છે જ્યારે મને દાદી કહેનાર કોઈ ધરતી ઉપર આવે. ડાઇનિંગ ટેબલ પર બેઠેલા અજયભાઈએ પણ માધવીબહેનની વાતને ટેકો આપતા કહ્યું, “હા હવે ઘર કોઈની કિલકારીઓથી ભરાય તો સંપૂર્ણ લાગે. આમેય તમે લોકો સમજુ છો વધુ તો શું કહેવું.. પણ હવે તમે જો ફેમિલી પ્લાનિંગ કરતા હો તો તે હવે હકારાત્મક ફેમિલી વધારવા માટે કરજો.”

ડાઇનિંગ ટેબલ પર બેઠેલી મૃણાલ આવી સીધી વાતથી લજાઈ ગઈ અને સૌ ખડખડાટ હસી પડ્યા...ઘણા સમય પછી મૃણાલના ચહેરા પર જાણે સુરખી છવાઈ.

આમ છતાં કોણ જાણે કેમ હજી મૃણાલને કૈરવમાં કંઈક ખૂટતું હોય એવું સતત લાગ્યા કરતું. પોતાની સાથે નાનપણથી જે ચહેરો એણે કલ્પ્યો હતો એ આ તો નહોતો જ. સાવ સરળ પણ ઉષ્માભર્યા પપ્પા જેવો કૈરવ બને તેમ ઝંખતી. તેને મમ્મી જેમ પપ્પા ઉપર ઓળઘોળ હતી એવી રીતે કૈરવનાં ચહેરા સાથે મનથી અને તનથી એક થવાની બીક લાગતી હતી.. સમય સાથે રંગ અને ચહેરો બદલતા કૈરવ સાથે તાલ મેળવવાનું એને અઘરૂ જ નહી પણ અશક્ય ય લાગતુ. એને હંમેશા લાગતુ કે મમ્મી જેમ પપ્પા સાથે ખૂલીને વાત કરી શકે છે એટલી સરળતાથી એ કૈરવ સાથે ખૂલી શકતી જ નથી.

ક્યારેક એ મનોમન વિચારતી કે લગ્નવેદિ પર સાત ફેરા લેતાં અપાયેલાં સાત વચન ખરેખર સાચા હશે? આ સાત વચનમાં જીવનભર એકબીજાને મિત્ર તરીકે સ્વીકારીને સંબંધ જાળવી રાખવા વચનબધ્ધ થવાની વાત એ વખતે કહેવા પૂરતી જ હશે? કૈરવે જો એ વચનો હૃદયપૂર્વક અને સાચા મનથી આપ્યાં હોય તો મમ્મી પપ્પા વચ્ચે જે સખ્ય છે એવું સખ્ય એની અને કૈરવ વચ્ચે કેમ નથી? કેમ એ કૈરવ સાથે મન ખોલીને વાત પણ નથી કરી શકતી?

એને તો એવી ખબર હતી કે પ્રેમ સંબધથી બંધાયેલા પતિ-પત્ની વચ્ચે સંબંધમાં અહંનો અભાવ, સમાનતાની ભાવના, બાંધછોડ કરવાની તૈયારી બંને પક્ષે એક સમાન હોવી જ જોઈએ. જેમ તુલાને સ્થિર રાખવા બંને પલ્લામાં એક સરખું તોલ મૂકવુ પડે એમ પતિ-પત્નીએ પણ જીવનની તુલા સ્થિર રાખવા બંને પક્ષે એક સરખી સમતુલા જાળવવી જ પડે.

કૈરવ આ બધુ જાણતો નહીં હોય કે પછી સમજતો જ નહીં હોય?

તે રાત્રે મૃણાલે કૈરવને કહી દીધુ..”આજે આપણે દિલની વાતો કરીશું તેમાં ફક્ત હું અને તું જ. નહીં તારા મમ્મી કે પપ્પા અને નહીં મારા મમ્મી-પપ્પા.”

કૈરવ કહે, “ભલે!” પણ મને લાગે છે કે તેમા તું જ વધારે ગુંગળાઈશ કારણ કે તારી વાતોમાં હજી આપણાં પપ્પા અને મમ્મી છે. હું તો તેમને બેડ રૂમની બહાર કાયમ મૂકીને આવું છુ. “

રાત્રે સ્નાન કરીને બંને જ્યારે તેમનાં પલંગમાં બેઠા ત્યારે મૃણાલે પહેલો પ્રશ્ન કર્યો “ કૈરવ મને કેમ એવું લાગ્યા કરે છે કે મારી અંદરની મૃણાલ મને વારંવાર ચેતવ્યા કરે છે કે આગળ ખતરો છે.”

“કેવો ખતરો?”

“તું પુરુષ છે. મને તારા હાસ્યમાં કે તારા વહાલમાં કોણ જાણે કેમ એક અજાણ્યો મનુષ્ય જ દેખાયા કરે છે. મને કેમ તારા ઉપર હજી ભરોસો નથી બેસતો. તારા મનમાં હું તને જોઈતી રાજકુમારી દેખાઈ ગઈ અને તેં મને હાંસલ કરી ..પણ મારા મનને ગમતા રાજકુમાર અને તારો ચહેરો કેમ એક નથી થતા?”

કૈરવે સજ્જન પ્રેમીનો ચહેરો પહેરી લઈને કહ્યું “ મૃણાલ! આ પરીકથાના રાજકુમારવાળી વાતો નાના ઢીંગલા ઢીંગલીઓને શોભે આપણને નહી. હું પતિ કે પ્રેમી બનતા પહેલા એક સંવેદનશીલ અને સમજુ મિત્ર બનવા માંગુ છું. તને ગમતા તારા વિષયોમાં મારી જાતને ઉમેરવા માંગુ છુ અને તેથી જ તો આપણા લગ્નને બે વર્ષ થયા છતાં મેં ક્યારેય ઉછાંછળાપણું કે તને ન ગમતું કર્યું છે? મારા મનને ગમતું મારું પાત્ર મારી સાથે જ હોય છતા જ્યાં સુધી સમજથી ભેગા ન થવાય ત્યાં સુધી રાહ જોવાની તે કેવી કઠોર કસોટી છે તે તો સમજ જરા...તને લૉ પ્રોફાઇલમાં રહેવું ગમે પણ કહે તો ખરી આ ઝાકઝમાળવાળા સમયમાં, આ જાતે ઢોલ પીટવાનાં સમયમાં તું દીવડી બનીને ઝળહળવાની વાતો કરે તે કેમ ચાલે?..તું હવે મૃણાલ શ્રોફ નથી મૃણાલ શેઠ બને તે જરૂરી છે.”

મૃણાલ ફરી સંકોચાઈ ગઈ.” મેં તને કહ્યું છે આજની આપણી વાતોમાં ક્યાંય આપણે આપણા પપ્પા કે મમ્મીને લાવતા નથી.”

પેલા કુશળ રિંગ માસ્ટરની અદામાં કૈરવે સહેજ ખોંખારો ખાધો અને કહે “ જો પરણેલો પુરુષ કાયમ ઈચ્છે કે પત્ની સંપૂર્ણપણે તેની થાય..પણ તું તો મારામાં તારા પપ્પાને જ શોધે તો તે થવાનું જ નથી. લગ્નને દિવસે જ્યારે સાત ફેરા ફરીને એકમેકને સુખી કરવાનાં પ્રણને હું ભૂલ્યો નથી..અને તને તો તે યાદ સુધ્ધા નથી “ મૃણાલ કહે “ મને બધુ યાદ છે પણ મારું દિવસ દરમ્યાનનું જીવન દેખાડા કરી કરી જીવવાનું. ઘરનાને સાચવો ..વટ અને વહેવાર સાચવો અને ખાસ તો સૌથી વધારે મને શોષવી નાખે છે તારાં કુટુંબોનાં વહેવારો..”

કૈરવ ખંધુ મલક્યો...”મૃણાલ..તારે શ્રોફ પરિવારને ક્યાં પરાયો કરવાનો છે માત્ર તારે જરા અળગા જ થવાનું છે.

ત્યાં જે હતું તે ભૂતકાળ છે. લગન કર્યા ત્યારે નવું ઘર,વર અને તેનું કુટુંબ જ તારો પરિવાર છે. કોઈની સાથે સરખામણી ન કર. માધવીબહેનમાં ગાયત્રી મમ્મી શોધવાનું તને નથી કહેતો. પણ તું અહીં મારે લીધે છે...મને સાચવ..તને હજી હું અજાણ્યો મનુષ્ય લાગું છું તો મને ઓળખવાનો, જાણવાનો પ્રયાસ કરે. તારા પપ્પામાં મને શોધવાના બદલે મારી અલગ ઓળખ ઊભી થવા દે.”

મૃણાલ કૈરવની વાતોથી સંકોચાતી જતી હતી. સાથે તેને કૈરવની વાતો ઉપર વિશ્વાસ મૂકવાની ઈચ્છા પણ થતી હતી. હીરજી ગડાના શબ્દો એને યાદ આવતા હતા. તેઓ બોલ્યા હતા કે, આ સમગ્ર પ્રસંગનો યશ મૃણાલને જાય છે પણ આ પ્રસંગે પડદા પાછળ ઊભેલો કૈરવ પણ એટલો જ શ્રેયભાગી છે. મૃણાલ લાગણીઓથી ભરેલું સરોવર છે તો તેમાં પૂર્ણરૂપે ખીલેલું કમળ કૈરવ છે.”

મૃણાલને શાંત જોઈને હળવેકથી તેના હાથને થામી કૈરવ બોલ્યો, “મૃણાલ વાસ્તવિક જિંદગી. કાલ્પનિક ભય કરતાં વધુ કિંમતી છે.

આજે મોકો છે, મિલનની રાત છે. મારા પર વિશ્વાસ એક વખત તો મૂકી જો કે, તારા પપ્પા કરતા પણ કોઈક વધુ સારુ હોઈ શકે છે.”

મૃણાલ વિષાદભર્યું હસી. તેના પપ્પા પણ આમ જ કહેતા હતા. ભરોસો મૂકી જો ,ચકાસી જો.. જીવન નાવનું સુકાન તે નાવિકને આપી તો જો.

તેની આંખમાં પશ્ચાતાપનાં આંસુ નીકળ્યા અને તે બબડી...” હા કૈરવ...જિંદગીને વાસ્તવિક રૂપે આજથી જોવાની શરુ કરુ છુ...મને માફ કરી દે.”

તે રાત મિલનની હતી.

આલેખનઃ વિજય શાહ

Rajul Kaushik

http://www.rajul54.wordpress.com

# ચિંતન લેખઃ પ્રિયતમ

મોહનભાઈ પરમાર ‘આનંદ’

પ્રિય શબ્દની અનુભૂતિ મધુર ચૈતન્યમય રસાનુભૂતિ કરાવે છે. આ સંપૂર્ણ વિશ્વ માધુર્ય ભાવ ઊર્મિથી, પરિપૂર્ણ છે.પરંતુ બધાને મધુરભાવની પ્રાપ્તિ થતી નથી. વંચિત રહી જાય છે શામાટે?

આપણાં રોજિંદા જીવન વ્યવહારમાં પણ, પ્રિય-અપ્રિયનો દ્વન્દ્વ ચાલુ જ છે. આપણી મનોવૃત્તિને અનુકૂળ વસ્તુ વ્યક્તિ પદાર્થ પ્રિય લાગે છે, પ્રતિકૂળતા અપ્રિય લાગે છે. સૌનો અનુભવ છે, એમાંથી બધા પસાર થાયછે.

આપણે કોઈ પ્રિય ક્યારે લાગીશું ?આપણે કોઈ પ્રિયપાત્ર બની શકીએ? આ જગતમાં પ્રેમનું ઝરણું દોડ્યું જ જાય છે એમાં આપણે પવિત્ર થવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું છે. પણ આપણને એ દ્રષ્ટિગોચર થતું કેમ નથી? શું પ્રેમ વગર જીવન શક્ય છે ખરું?

માધુર્ય ભાવ એ ભક્તિ રસ છે , ભક્તિ યોગ છે .પ્રેમ યોગ છે. જ્યાં એનું ઉદ્ઘાટન છે ,ત્યાં દ્રષ્ટિ પ્રેમમય રસમય હોય છે.આ દિવ્યતા સભર અનુભૂતિ માટે, શ્રીકૃષ્ણ ગીતામાં જવાબ છે કે ભગવાન ને પ્રિય કોણ છે? એનો સરસ ઉત્તર આપણે ને મળે છે. જે આપણને સમાધાન આપે છે.

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।

सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥१२.१६॥

जो पुरुष आकांक्षा से रहित, बाहर-भीतर से शुद्ध, चतुर, पक्षपात से रहित और दुःखों से छूटा हुआ है- वह सब आरम्भों का त्यागी मेरा भक्त मुझको प्रिय है।

પ્રિય કોણ બની શકે? એનો જવાબ છે અનપેક્ષ.

જેને સંબંધો માં કોઈ અપેક્ષાઓ રાખી જ નથી. સદાય વિનમ્રતાથી નિત્ય નિરંતર પોતાની ફરજો બજાવી રહ્યા છે તેઓ પ્રિય છે. એટલે જ × માં × શબ્દ સૌથી પ્રિય છે.

માં કશું માંગતી નથી. માટે પ્રિય છે.

માં પછી પિતા પણ પ્રિય છે કારણકે અપેક્ષા રાખ્યા વગર સંતાનો અને કુટુંબ માટે જાત ઘસી નાંખે છે. બધાજ દુઃખ તકલીફ પોતાની ઉપર લઈ લે છે માટે પ્રિય છે.

ગુરુ સૌથી પ્રિય છે, કારણકે ગુરુ જ્ઞાન એકલું આપતા નથી, તમારા અનંત જન્મોના કર્મો કાપી નાખવામાં મદદ રૂપ થાય છે.તમને તમારા સ્વરૂપની અનુભૂતિ કરાવે છે

એના બદલામાં તમે શું આપી શકો? ગુરુ જેવા અનપેક્ષ આ બ્રહ્માંડમાં કોઈ નથી

આ ઉપરાંત સહોદર, કોટુંબિક સંબંધો અને મિત્રો પણ અનપેક્ષ હોય છે ત્યારે સુખાનુભૂતિ થાય છે. પરંતુ પ્રિય શબ્દ નું માહાત્મ્ય અને માધુર્ય ભાવ એ દામ્પત્યજીવન માં

વિશેષ જોવા મળે છે. એ શબ્દાનુભૂતિ નથી ,એ ત્યાગ સમર્પણ અને શરણાગતિના પરમોચ્ચ શિખરની પ્રાપ્તિ માં

આદર્શ પ્રેમની અનુભૂતિ છે.

શ્રી રામ સીતા, શ્રીકૃષ્ણ -રાધાજી દિવ્યતા સભર અનુભૂતિ ના ઉદાહરણ છે.પ્રિયભાવ એ રસાયણ છે.ભક્તિ એ મધુર ચૈતન્યમય રસાનુભૂતિ છે.જ્યા અપેક્ષા નથી ત્યાં ફળીભૂત થાય છે .ઉદાહરણ માટે ચૈતન્ય મહાપ્રભુનું નામ સર્વોપરિ છે.

પ્રેમ એટલે જ પરમાત્માનું સ્વરૂપ સ્વરૂપ, આપણે હંમેશા એને મૂર્તિઓમાં જોવાનો પ્રયત્ન કર્યો છે. જરા નજર

નારાયણ માંથી હટાવી નર માં કરીએ, ત્યારે સત્ય ના દર્શન થશે. પ્રિયતમ રાજી થશે.સાચી રીતે જો તમે પ્રેમ કરતા શીખી જાવ તો પ્રિયતમ રાજી થઈ જાય. તમે અવશ્ય પ્રેમાસ્પદ બની જાવ.

જ્યાં દયા અને કરુણા છે, ત્યાં પ્રેમ હોય છે.મહાવીરના સ્વરૂપને જુઓ ,કેવી કરૂણા છે,.ગૌતમ બુદ્ધને જુઓ, ઈસુને જુઓ .બધા મહાપુરુષોના જીવનમાં પ્રેમ ત્યાગ અને બલિદાન છે માટે જ પ્રિતી પાત્ર બન્યા છે.ચાલો

આપણે પ્રેમ સ્વરૂપ બની ,પારદર્શકતા લાવી જીવનમાં રસાનુભૂતિ લાવીએ.. ૐ

# જુનાગઢમાં પ્રવાસન ક્ષેત્રને વેગ આપવા આદ્યકવિ નરસિંહ મહેતા, મહાદેવની ઉંચી પ્રતિમા મુકાશે



જુનાગઢ,તા.૧

જુનાગઢને પ્રવાસન ક્ષેત્રે વેગ મળે તે માટે મનપા સ્થાઈ સમિતિ દ્વારા ગઈકાલે મળેલી બેઠકમાં રુા. ૨.૭૨ કરોડના વિકાસ કામોને મંજુરી અપાઈ છે.જેમાં મારુ જુનાગઢ આકર્ષક જુનાગઢના સુત્રને સાર્થક કરવા માટે મનપા દ્વારા વિવિધ કામોના આયોજનો કર્યા છે.

જેમાં ગિરનાર દરવાજા વિસ્તારમાં હૈયાત આદ્ય કવિ નરસિંહ મહેતાની ૧૦ ફૂટની કરતાલ સાથેની નવી પ્રતિમા તથા સર્કલ ડેવલોપ કરવામાં આવશે તેમજ ભવનાથ જિલ્લા પંચાયત ગ્રાઉન્ડ વિસ્તાર કે જે ભોળીયાનાથ પ્રભુની ઓળખ સમો આ વિસ્તાર હોય અહીં પ્રભુની ઓળખ સમો વિસ્તાર હોય અહીં પ્લે ગ્રાઉન્ડ અને ફોરેસ્ટ ક્વાર્ટસ વચ્ચેની જગ્યામાં સર્કલ ડેવલપ કરીને ભોળાનાથની ૨૫ ફૂટની પ્રતિમા મુકી લોકઆકર્ષણ સ્થળો તૈયાર કરવામાં આવશે.ખામધ્રોળ રોડ પર સર્કલ તૈયાર થશે, અશોક શીલાલેખની સામેના ભાગે પીપીપી મોડેલથી બે સેલ્ફી પોઈન્ટ તૈયાર કરવામાં આવશે જેમાં શહેરની એન્ટ્રી તથા પ્રવાસીઓને આકર્ષણ જમાવવા આઈ લવ યુ જુનાગઢ, વી લવ યુ જુનાગઢ શિર્ષક હેઠળ સેલ્ફી પોઈન્ટ બનશે. ૧ નવેમ્બરના જુનાગઢ આઝાદી દીનને ઉજવવા તા. ૧ થી ૧૩ નવેમ્બર સુધી સંગીત કલાકારો, નૃત્યકારો સાથે ઉજવણી કરાશે.

# બેટ દ્વારકામાં ઐતિહાસિક અને મેગા ડીમોલીશન, સરકારી જમીનો પરના દબાણો દૂર કરાયા

દ્વારકા,તા.૧

વિશ્વ વિખ્યાત તીર્થસ્થાન દેવભૂમિ દ્વારકાના બેટ દ્વારકા વિસ્તારના કેટલાક વિસ્તારોમાં સરકારી જમીન ઉપર વ્યાપક દબાણો થયા હોવાની બાબતના અનુસંધાને અહીંના પોલીસ તંત્ર સહિતના સરકારી તંત્ર દ્વારા લાંબી પ્રક્રિયા બાદ આજરોજ સવારથી ઓપરેશન ડિમોલિશન શરૂ કરવામાં આવ્યું છે. આ માટે ×ચકલું ન ફરકી શકે× તેવી પોલીસની સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સમગ્ર કામગીરી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.

સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લા સાથે સમગ્ર પંથકમાં અતિ ચર્ચાસ્પદ અને ઉત્તેજનાસભર બની ગયેલા આ પ્રકરણની બિન આધારભૂત વર્તુળો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ભારતના છેવાડાના વિસ્તાર એવા બેટ દ્વારકામાં કેટલાક સ્થળોએ સરકારી જમીન ઉપર ગેરકાયદેસર રીતે દબાણ ખડકી દેવામાં આવ્યા છે. જેના અનુસંધાને આ વિસ્તારની આંતરિક તથા દરિયાઈ સુરક્ષાને ધ્યાને લઈ દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા આજરોજ સવારથી આવા દબાણ હટાવવા માટેનું ઓપરેશન ડિમોલીશન શરૂ કરવામાં આવ્યું છે.રાજકોટ રેન્જ આઈ.જી.ના વડપણ હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આ માટે છેલ્લા કેટલાક દિવસ થયા ઊંડાણપૂર્વકનો અભ્યાસ તથા જરૂરી કામગીરી કરી, આજરોજ સવારથી બેટ દ્વારકાના કેટલાક વિસ્તારોમાં સરકારી જમીન ઉપરના દબાણો દૂર કરવા અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ પૂર્વે ગત સાંજથી જ સમગ્ર વિસ્તારમાં ડીવાયએસપી, પીઆઇ, પીએસઆઇ, સહિતનો વિશાળ પોલીસ કાફલો ઉતારી દેવામાં આવ્યો હતો.

આજે વહેલી સવારથી અહીં જિલ્લાના બંને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, મામલતદાર, ગુજરાત મેરી ટાઈમ બોર્ડ, પીજીવીસીએલ, સર્કલ અધિકારી, રેવન્યુ અધિકારી, ઉપરાંત સ્થાનિક નગરપાલિકાના સ્ટાફને બેટ દ્વારકામાં ફરજ સોંપી દેવામાં આવી હતી અને અગાઉ આપવામાં આવેલી નોટિસ મુજબ સરકારી જમીન પર ખડકી દેવામાં આવેલા વંડા તથા દુકાનો પર ખાસ મશીનો વડે ડિમોલિશન અંગેની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

આ ઓપરેશન મેગા ડિમોલિશન સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે આશરે ૧૦૦૦ જેટલા પોલીસ સ્ટાફને અશ્રુ સેલ, હથિયાર તથા લાકડી સાથે સુરક્ષા બંદોબસ્ત પર ગોઠવી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત ઈમરજન્સી સિવાય ફેરીબોટ સર્વિસ પણ બંધ કરી દેવામાં આવી હોવા ઉપરાંત સ્થાનિક લોકોને કામ વગર બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી હોવાનું પણ સ્થાનિકો દ્વારા જાણવા મળ્યું છે.જિલ્લા પોલીસ દ્વારા આ સમગ્ર કામગીરી અતિગુપ્તતા તેમજ સાવચેતીપૂર્વક હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત બિન સત્તાવાર રીતે જાણવા મળતી વિગત મુજબ કેટલાક શખ્સો સામે અટકાયતી પગલાં પણ હાથ ધરવામાં આવ્યા હોવાનું કહેવાય છે. આ સ્થળે સાવચેતી માટે પત્રકારોને પણ જવા દેવા સામે હાલ પૂરતી રોક લગાવવામાં આવી છે. આ સમગ્ર બાબત અંગે સાંજ સુધીમાં પોલીસ તંત્ર દ્વારા તમામ માહિતી આપવામાં આવશે તેમ પણ જાણવા મળ્યું છે. બેટ દ્વારકામાં વ્યાપક પ્રમાણમાં દબાણ હોય, આ કામગીરી લાંબો સમય સુધી ચાલનાર રોવાનું પણ કહેવાય છે.

# ગુજરાતી જ નહીં રાજસ્થાનીઓ પણ ગરબાની ગરબા મહોત્સવમાં ઝુમી રહ્યાં છે

ઉદયપુર,તા.૧

ગુજરાતના ગરબા માત્ર દેશમાં જ નહીં પરંતુ વિદેશોમાં પણ જાણીતા બની ગયા છે.ગુજરાતમાં ખાસ કરીને ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવે છે અને ગુજરાતીઓ ગરબા મહોત્સવમાં ગરબા રમી રહ્યાં છે ત્યારે રાજસ્થાનમાં પણ ગુજરાતી ગરબાની ધુમ મચી ગઇ છે.

રાજસ્થાનીઓ પણ ગુજરાતના ગરબાના તાલે ઝુમી રહ્યાં છે અને ઠેર ઠેર ગરબાના આયોજન કરવામાં આવ્યા છે.

દેશ વિદેશ સહિત સમગ્ર રાજસ્થાનમાં પણ નવરાત્રિની ધુમ છે ત્યારે ઉદયપુરમાં નવરાત્રિ પ્રસંગ પર ગરબા ડાંડિયાની ધુમ મચેલી છે.કંકુડા પગલ્યા તમે માંડઝો સહિત અને ગરબાના ગીતો પર ગુજરાતીઓ સહિત રાજસ્થાનીઓ ડાંડિયા ગરબા મહોત્સવોમાં ખુબ ઝુંમી રહ્યાં છે.

ઉદયપુરના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં યોજાઇ રહેલા ગરબા કાર્યક્રમોમાં કંકુડા પગલ્યા તમે માંડઝા ગીતને એટલા માટે પણ પસંદ કરવામાં આવી રહ્યું છે કારણ કે આ ઉદયપુરના કલાકારોએ ગાયુ છે અને નવરાત્રિના પહેલા દિવસે આ ગીતને આર કે રાજસ્થાની ફિલ્મ પ્રોડકશનના બેનર હેઠળ લોન્ચ કરવામાં આવી રહ્યું છે. આ ગીત ગરબા મહોત્સવમાં ખુબ જ લોકપ્રિય થઇ રહ્યું છે અને રાજસ્થાનીઓ આ ગીતના તાલે ઝુમી રહ્યાં છે આ ગીત આર કે રાજસ્થાનીના યુ ટ્યુબ ચેનલ પર પણ ખુબ જ લોક પ્રિય થયું છે અને તેને મોટા પ્રમાણમાં ડાઉનલોડ કરવામાં આવી રહ્યું છે.

આ ગીત લોકપ્રિય થતા આર કે રાજસ્થાની ફિલ્મ પ્રોડકશનના ડાયરેકટર રાજેશ માલી ખુશ છે અને તેમણે કહ્યુ કે આ ગીત નવરાત્રિને ધ્યાનમાં રાખીને જ લોન્ચ કરવામાં આવ્યું છે જેથી ગરબા દરમિયાન લોકોને નવું ગીત સાંભળવા મળે આ ગીત પ્રભુ પ્રજાપત,પટેલ સરકાર અને ત્રિશા સુથારે ગાયુ છે અને તે લોકપ્રિય થઇ રહ્યું છે.

આ ઉપરાંત કોરિયોગ્રાફર યશ મારૂ અને દીપ શિખા શર્માની સાથે જ ટીના માલી એન્ડ ડાંસ ગ્રુપના સારા પ્રદર્શનને કારણે લોકોને આ નવો ગરબાનું ગીત પસંદ આવી રહ્યું છે.




**યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વરદ્‌હસ્તે યાત્રાધામ અંબાજી ખાતે વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમ અંતર્ગત ગુડા સાંસ્કૃતિક હોલ, ગાંધીનગર ખાતે યોજાયેલ કાર્યક્રમ માં ઉપસ્થિત રહી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગાંધીનગર વિસ્તારના ગૃહપ્રવેશના લાભાર્થીઓને કળશ અર્પણ કરવામાં આવ્યા.**